







'ચર્ચા'ની મિટીંગમાં કોઇ હોઠ ખોલી ન શકે!
એના નામ વિના કોઇ 'વિકાસ' તોલી ન શકે!
ડોલી ન શકે કોઇ આનંદે સ્વતંત્ર ક્ષણમાં -
નરોના ઇંદ્ર છે, વિરુદ્ધ કોઇ બોલી ન શકે!

ભરાવે શિંગ,
- એ અધિકારો માટે
'મહિલા' છતાં..
(મહિલા આયોગ નારાજ)
ટ્વીટ નડ્યું

છે સબ્જી મંડી,
સંસદ બજારમાં -
વેંચાય સભ્યો..
(કરોડો ના ભાવે)




## ચિંતન

**કવયઃ કિં ન પશ્યતિ, કિં ન ભક્ષ્યતિ વાયસા । મદ્યપાઃ કિં ન જલ્પન્તિ કિં ન કુર્વન્તિ યોષિતઃ ॥**

કવિઓ શું નથી જોઇ શકતા? અર્થાત કવિ કલ્પનાઓ દ્વારા - બધું જોઇ શકે પ્રાકૃતિક સામાજિક અનુમાનો કરી કાવ્યો-નવલકથા-વાર્તાઓનું સર્જન કરે છે એ માત્ર કલ્પના પર આધારિત હોવા છતાં 'અમર' થઇ જાય છે. (બંને કવિ અને કૃતિ)

કાગડા શું નથી ખાતા? કાગડા ભક્ષ્ય અભક્ષ્ય બધું જ ખાઇ જાય એને પવિત્ર-અપવિત્ર, ખાદ્ય-અખાદ્ય જેવું કંઇ જ નથી હોતું.

દારૂડિયા નશાના કેફ-ઘેનમાં માનસિક સમતુલા ગુમાવી ગમે તેમ બોલે છે, લવારો કરે છે એમાં રહસ્યો-મનના દબાયેલા મનસૂબા-સાચી ખોટી કલ્પનાઓ પણ બકી મારે છે લવારો કરે છે.

..અને સ્ત્રી શું નથી કરી શકતી? અહીં પૌરાણિક પાત્રો-દ્રૌપદી-કૈકેયી-મંદોદરી-સૂપર્ણખા ને યાદ કરો એમના કર્તવ્યથી મહાભારત-રામાયણ રચાયાં.

આજનો ઇતિહાસ પણ એની સાક્ષી પૂરે છે ઇંદિરા ગાંધી, અને રમત વીરાંગનાઓ પણ એની સાબિતી છે.

## સુવિચાર

- આનંદ એક અમૃત છે, પણ તેને મેળવવા માટે મંથન કરવું જોઇએ, તેને દુઃખના વલોણા થકી જ પામી શકાય છે **- એસ. ભટ્ટાચાર્ય**
- સાચના સંબંધો બહુ ઓછા હોય છે, મોટા ભાગના આપણા સંબંધો કાચ ના હોય છે **- સુરેશ દલાલ**
- કર્મમાં વિશ્વાર રાખો 'રાશી'માં નહીં.. કારણ કે.. રામ અને રાવણ, કૃષ્ણ અને કંસ, ગાંધીજી અને ગોડસે, ઓબામા અને ઓસામા દરેકની 'રાશી' સરખી છે. તેઓનાં કર્મમાં ફરક છે **- જનકલ્યાણ**
- વિશ્વના સર્વશ્રેષ્ઠ વિચારો અને કથનોનું જ્ઞાન અને તેનું આચરણ એ જ સાચી સંસ્કૃતિ છે **- બર્નાડ શો**
- લક્ષ્યથી મન ડામાડોળ થાય એટલે વિઘ્ન આવે જ **- શાહબુદ્દિન રાઠોડ**
- પદ થકી વ્યક્તિની નહીં; વ્યક્તિ થકી પદની ગરિમા વધે તે શ્રેષ્ટ રાજકારણની ઉપલબ્ધિ છે **- ચાણક્ય**
- હું ચિંતાને દરદ માની સુરા પી જાઉં છું કારણ, કિતાબોમાં દવા સાથે સુરાનું નામ આવે છે **- જલન માતરી**

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધ કથા

'આપણે ભૌતિક ગમે તેટલી સિદ્ધિઓ જેવી કે પદ-પ્રતિષ્ઠા-પૈસો પ્રાપ્ત કર્યા હોવા છતાં હૃદયને શાંતિ અને આત્માને આનંદ નથી. દરેક ક્ષણે જીવનમાં 'કંઇક ખૂટે છે' એવી અનુભૂતિ સતત રહ્યા કરે છે.'

આવો જ અનુભૂતિ અનુભવતો એક ઉદ્યોગપતિ ભગવાન બુદ્ધ પાસે આવ્યો અને કહ્યું, 'ભંતે, મારી પાસે બધું જ છે અને જે ઇચ્છા થાય તે પણ ક્ષણવારમાં મેળવી શકું એટલી મારી શક્તિ છે. આમ છતાં હું મારી આસપાસના લોકોના સ્વભાવ-વર્તનથી ખૂબ જ વ્યથિત રહું છું. જીવનમાં સુખ-શાંતિ-અનુભવવા હજુ મારે કયાં સદ્‌ગુણ પ્રાપ્ત કરવાની જરુર છે?!'

ભગવાન બુદ્ધે સ્મિત સાથે કહ્યું, 'ભાઇ! તારી પાસે જે કંઇ સમૃદ્ધિ છે એનાથી કદી પણ સુખ-શાંતિ મળતાં નથી. કદાચ અશાંતિના કારણ એમાં જ હોય. પરંતુ સાત્ત્વિક સુખ શાંતિ પામવા માટે માત્ર બે જ સદ્‌ગુણની જરુર છે.'

વેપારીએ કહ્યું, હા, જીવન પ્રત્યેનો પ્રેમ અને પરિશ્રમ ભર્યો પુરુષાર્થ - એ બે જ ને?!

બુદ્ધે ફરી કહ્યું, ના, ભાઇ - જીવનમાં શાશ્વત સુખ-શાંતિ પામવા માટે માત્ર બે જ બાબત અતિ મહત્ત્વની છે. એક પોતાની ભૂલનો નિખાલસ એકરાર-સ્વીકાર અને બીજું બીજાના દોષ-ભૂલને ક્ષમા આપવાનો સદ્‌ગુણ આ બે સદ્‌ગુણ જો સૌમાં હોય તો પૃથ્વી, સ્વર્ગ થઇ જાય.

Email - sureshchandrabhatt18@gmail.com

# ગોમાંસ ભક્ષણ મુદ્દે સાપે છછૂંદર ગળ્યા જેવી ભાજપની સ્થિતિ

## પિંક રિવોલ્યશનનો વિપક્ષમાં રહીને વિરોધ કરનાર મોદીના શાસનમાં ભારતની માંસનિકાસ ૩ અબજ ડોલરથી વધીને પાંચ અબજ ડોલર !

**અતીતથી આજ**

**- ડૉ.હરિ દેસાઇ**

બહુમતી હિંદુ પ્રજા ગાય ભણી ધાર્મિક આસ્થા ધરાવતી હોવાથી એની હત્યા કરવાનું કે એનું માંસ(બીફ) ખાવાનું ટાળે છે. ગાંધીજી અને સરદાર પટેલ ગૌવંશની હત્યા વિરોધમાં હતા જરૂર, પરંતુ ગાયને રસ્તે રઝળતી મૂકીને કે કતલખાને મોકલવા જેવી સ્થિતિ સર્જવાને બદલે એના જતનની કાળજી લેવાના આગ્રહી હતા. ગોવંશની રક્ષા ભારતીય સમાજમાં હિંદુ-મુસ્લિમ વિખવાદનું નિમિત્ત બને છે, ત્યારે એનો રાજકીય લાભ ખાટવા માટે જ ચૂંટણી ટાણે કે એ પછી ગોવંશ હત્યા સામે કાયદો કરવાની વાતો ચગાવાય છે. વાસ્તવમાં ગોવંશનું રક્ષણ અને એનું અર્થકારણ સમગ્ર ભારતીય પ્રજાને માટે તારણહાર તરીકે કામ આવે એવું હોવાથી ગોવંશની રક્ષાના પ્રબળ સમર્થક તરીકે અને ગોમાંસ(બીફ)નહીં ખાવાના આગ્રહી તરીકે અમો છેલ્લાં કેટલાંક વર્ષથી અખબારધર્મ નિભાવતાં ગોવંશ રક્ષા અભિયાનના સમર્થક રહ્યા છીએ એટલે કેટલાંક ભ્રમનિરસન કરવાની જરૂર ખરી.

મુસ્લિમ ગોવંશ રક્ષાના પક્ષે નહીં હોવાની ચલાવાતી વાતોમાં તથ્ય નથી. એ વાત આપણા સમાજમાં ગાયોના પાલક તરીકે અનેક મુસ્લિમો જોવા મળતા હોવાનું નિહાળીને સમજાય છે. મોદી સરકારમાં ઉર્દૂ કાઉન્સિલના વાઇસ ચેરમેન મુઝફ્ફર હુસૈન જેવા પત્રકારશિરોમણિ સંઘપરિવારનું અભિન્ન અંગ છે. ગોવંશ રક્ષા માટેના અભિયાનના સમર્થનમાં એમણે પુસ્તક પણ લખ્યું છે.યુરોપમાં ગોમાંસ(બીફ) આરોગવાનું પ્રમાણ વધુ છે. એની સાથે જ ગાયોનું જતન કરીને એના આર્થિક લાભ મેળવવાનું પ્રમાણ પણ ખૂબ છે. આટલી ચોખવટ કર્યા પછી છેલ્લા કેટલાક સમયથી ભારતમાં વિવાદસર્જક રહેલા ગોમાંસ આરોગવાની બાબતમાં વર્તમાન લેખક અહીં ટિપ્પણ કરવાનું ટાળતો રહ્યો હોવા છતાં આજકાલ ભારતીય રાજકારણ અને સમાજકારણમાં ગોહત્યા અને ગોમાંસ આરોગવાનો મુદ્દો ખૂબ જ વિસ્ફોટક સ્થિતિએ પહોંચ્યો હોવાને કારણે એ વિશે લખવાને અમારો પત્રકારધર્મ લેખીએ છીએઃ અમારૂં દઢપણે માનવું છે કે ગોવંશની રક્ષા થવી જોઇએ. અમો સંપૂર્ણપણે શાકાહારી છીએ અને ગોમાંસ ભક્ષણ થાય એની વિરુદ્ધના અભિયાનના સમર્થક છીએ. ગોવંશ રક્ષણનો મુદ્દો રાજકીય પક્ષાપક્ષીના વિવાદથી પર રહેવો ઘટે.

૯ ઓગષ્ટ ૨૦૧૨ના રોજ જન્માષ્ટમીને ગોવંશના રક્ષણકર્તા ભગવાન શ્રીકૃષ્ણના જન્મદિન તરીકે ઓળખાવતાં તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ લખેલા પોતાના બ્લોગમાં કૉંગ્રેસના નેતૃત્વવાળી યુપીએની ડૉ.મનમોહન સિંહ સરકારને ગાયની હત્યાને પ્રોત્સાહન આપી ગોમાંસ નિકાસથી 'પિંક રિવોલ્યુશન' લાવવા કૃતસંકલ્પ સરકાર લેખાવી હતી. મહાત્મા ગાંધી અને વિનોબા ભાવેએ ગૌમાતાની રક્ષા માટે કરેલા અથાક પરિશ્રમને મનમોહન સરકારે કોરાણે મૂકીને એમના ઉપદેશને પણ ભૂલાવી દીધાની વાત કરી હતી. મે ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં પણ આ મુદ્દો ગજવ્યો હતો.

મોદી શાકાહારી છે. એ વડા પ્રધાન થયા પછી વિદેશના પ્રવાસમાં પણ શાકાહારના આગ્રહી રહ્યા છે. અપેક્ષા તો એવી હતી કે ગોવંશની હત્યા પર સમગ્ર દેશમાં મોદી સરકાર પ્રતિબંધ લાદશે. થયું છે એથી ઉલટું. પિંક રિવોલ્યુશનના મોદી શાસનના આંકડા આઘાત પમાડે તેવા છે.કારણ બહુ સ્પષ્ટ છે. વિપક્ષમાં રહીને સત્તા પક્ષની ટીકા કરવી સરળ છે. સત્તા પક્ષમાં આવ્યા પછી ચૂંટણી વચનોનું પાલન કરવું અઘરું છે. ગોવંશ જ નહીં, અન્ય જીવોની હત્યા અને ભક્ષણને ચલાવી લેવું, એ પણ પાપ જ ગણાય.

ભારતમાં ગોવંશ હત્યા પર પ્રતિબંધની વાત તો બાજુએ રહી, સ્વયં મોદી સરકારના ગૃહરાજ્ય પ્રધાન અને અરુણાચલ પ્રદેશના બૌદ્ધ સાંસદ કિરણ રિજિજુ ગોમાંસ(બીફ) આરોગવું એને પોતાનો અધિકાર લેખે છે. ઐઝવાલમાં એમણે પોતાની જ સરકારના બીજા પ્રધાન મુખ્તાર અબ્બાસ નકવીને પડકાર્યા હતા. 'ગોમાંસ ખાધા વિના નહીં રહી શકનારા પાકિસ્તાન ચાલ્યા જાય' એવા શબ્દો કહીને નકવીએ રિજિજુને ભડકાવ્યા હતા.ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે ગોમાંસ ભક્ષણ વિવાદ પર ટાઢું પાણી રેડતાં ખાતરી આપી કે મોદીના વડપણવાળી એનડીએ સરકાર ગોવંશ હત્યા પર પ્રતિબંધ નહીં લાદે, જે તે રાજ્ય સરકાર સ્થાનિક પ્રજાની લાગણી સમજીને એ વિશે નિર્ણય લઈ શકે છે. મહારાષ્ટ્ર, હરિયાણા અને ઝારખંડમાં આવેલી નવી ભાજપી સરકારોએ ગોવંશ હત્યા પ્રતિબંધના કાયદા કરવા માંડીને વિવાદને વણસાવ્યો છે.

કેન્દ્રમાં કૉંગ્રેસના વડપણવાળી સરકાર હતી ત્યારે પણ કેટલાંક રાજ્યોમાં ગોવંશ હત્યા પર બંધી ફરમાવતા કાયદા હતા. ભાજપ અને સંઘ પરિવારે એનું રાજનીતિકરણ કર્યું હોવા છતાં વિવાદનો વિસ્ફોટ અંતે તો ભાજપના ગળાનું હાડકું બની ગયો છે. મોદીએ ચૂંટણી સભાઓમાં માસ નિકાસના આંકડા આપ્યા હતા અને આજે જે માંસ નિકાસ થઈ રહી છે એના આંકડા પિંક રિવોલ્યુશનમાં ભારત અખંડપણે પ્રગતિ કરી રહ્યું હોવાની પ્રતીતિ થયા વિના રહેતી નથી. એપ્રિલથી નવેમ્બર ૨૦૧૪ દરમિયાન ભારતની માંસ નિકાસ હતી ૩.૩ બિલિયન ડૉલરની.એ જ ગાળામાં આગલા વર્ષે આ આંકડો ૨.૮ બિલિયન ડૉલરનો હતો. આજે એ આંકડો ૫(પાંચ) બિલિયન ડૉલરને આંબી ગયો છે. એનો અર્થ એ થયો કે મોદી શાસનમાં માંસ નિકાસક્ષેત્રે પ્રગતિ અખંડ રહી છે. સત્તાવાર આંકડાઓને ટાંકવામાં પણ એવું સાંભળવાનો પ્રસંગ આવી શકે છે કે અમારી પ્રગતિને સહી નહીં શકનારાઓ અપપ્રચાર કરી રહ્યા છે કે જુઠ્ઠાણાં ફેલાવી રહ્યા છે.

ભાજપના શાસનમાં ગોવંશની હત્યા અખંડ રહી અથવા તો ચાલતી રહી એનાં પ્રમાણ શોધવામાં ઝાઝી મુશ્કેલી પડે તેવું નથી. ગુજરાતમાં મોદીશાસન દરમિયાન છાસવારે ગોમાંસ લઈને જનારા ટેમ્પો પકડાતા હતા અથવા તો કતલખાને લઈ જવામાં આવનારી ગાયો કે વાછરડાંના ટ્રક-ટેમ્પો પકડાતા હતા. મોડસ ઓપરેન્ડી સામાન્ય હતીઃ ટ્રક-ટેમ્પો લઈ જનારા મુસલમાન હોય, એ વેચનારા હિંદુ હોય. પોલીસ મોટા ઉપાડે અખબારી નિવેદન કરીને ગોમાંસ પકડાયાની હેડલાઈન્સ લેતી હતી. વર્તમાન શાસનમાં આ પરંપરા અખંડ રહી છે. હા, મોદી શાસનમાં પકડાયેલું કેટલુંક ગોમાંસ હકીકતમાં ગોમાંસ નહોતું, એવું 'કેગ'ના અહેવાલમાં પ્રગટ્યું, ત્યારે છાસવારે પકડાતા ગોમાંસ પાછળ હિંદુ-મુસ્લિમ ડિવાઈડને પ્રજ્વલિત રાખવાની વેતરણ હોવાનું જરૂર અનુભવાતું હતું.

મહારાષ્ટ્રમાં ૧૯૯૫-'૯૯ દરમિયાન શિવસેના અને ભાજપની સંયુક્ત સરકાર હતી. એ ગાળામાં ગોવંશની સૌથી વધુ હત્યા થયાનું કૉંગ્રેસી કે ખાટકી મંડળ કહે તો સમજી શકાય, પણ વિશ્વ હિંદુ પરિષદના બજરંગ દળના મહારાષ્ટ્રના એ વેળાના સંયોજક શંકર ગાયકર જ આવું લિખિત નિવેદન કરે ત્યારે શું કહેવું? એ વેળાના સમકાલીનતંત્રી એટલે કે આ લેખકે અને મુઝફ્ફરે ગાયકર આયોજિત કાર્યકર્તા શિબિરની મુલાકાત લીધી ત્યારે એની વિગતે ચર્ચા થઈ હતી.

વાત મહારાષ્ટ્રની આવી છે ત્યારે શિવસેના પ્રમુખ સ્વ. બાળ ઠાકરેનું સ્મરણ થવું સ્વાભાવિક છે. એ જીવતા હતા ત્યારે એમના સુપુત્ર અને વર્તમાન શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ ઘોષણા કરી હતી કે મેં બીફ(ગોમાંસ) ખાવાનું બંધ કર્યું છે. એનો અર્થ એ કે ઉદ્ધવને બીફ આરોગવાનું ખૂબ ગમતું હતું. એમની એટલે કે શિવસેના અને ભાજપની સંયુક્ત સરકારે ગોવંશ હત્યા પર પ્રતિબંધ અમલી બનાવતું વિધેયક મહારાષ્ટ્ર વિધાનસભામાં પસાર કરાવ્યું હતું. જોકે એને રાષ્ટ્રપતિ બહાલી આપે એ પહેલાં સકારનું પતન થયું હતું. મહારાષ્ટ્રમાં કૉંગ્રેસ સરકારે પણ અગાઉ દાયકાઓ પહેલાં ગોવંશ હત્યા પ્રતિબંધક ધારો અમલી બનાવ્યો હતો. જો કે સુપ્રીમ કોર્ટે એને રદ કર્યો હતો. હમણાં ફરીને ભાજપ-શિવસેના સરકારે મહારાષ્ટ્રમાં ગોમાંસ રાખવા કે વેચવા પર પ્રતિબંધ ફરમાવીને દસ હજાર રૂપિયાનો દંડ અને પાંચ વર્ષની સજાની જોગવાઈ કરી એટલે વિવાદ વણસ્યો. મુંબઈમાં મોટાપાયે હોળીધૂળેટી અને ગણેશોત્સવના આયોજક એવા રાજકપૂર પરિવારના જ તેમના અભિનેતાપુત્ર ઋષિ કપૂરે ટ્વિટ કરીને કહ્યું : 'હું વિદેશમાં હોઉં ત્યારે બીફ(ગોમાંસ) ખાઉં છું. મારા મોટાભાગના હિંદુ મિત્રો બીફ ખાય છે. કોણ શું ખાય એ જે તે વ્યક્તિ પર અવલંબે છે.' મોદી સરકારના ગૃહ રાજ્ય પ્રધાન કિરણ રિજિજુએ જ એ સંદર્ભમાં મને બીફ ખાતો કોણ રોકી શકે એવો પડકાર ફેંક્યો હતો.

ભાજપની સ્થિતિ સાપે છછૂંદર ગળ્યા જેવી થઈ છે.ગોવામાં ભાજપની સરકાર છે, પણ ત્યાંના હિંદુઓ કેરળના હિંદુઓની જેમ જ ગોમાંસ ખાવાની પરંપરાના છે. ગોવાની ભાજપ સરકાર ગોવંશ હત્યા વિરુદ્ધ કાયદો કરતી નથી. કેરળ, બંગાળ અને પૂર્વાંચલના રાજ્યોમાં પણ હિંદુ-બિન હિંદુ ગોમાંસ ખાતા રહ્યા છે. તેમના ખોરાકમાં બીફ લેવા સામે કોઈ છોછ નથી એટલે ભાજપના અખિલ ભારતીય અધ્યક્ષ અમિત શાહે, 'ગોમાંસ ખાનારાઓ પાકિસ્તાન ચાલ્યા જાય' એવી નકવીની વાતને ભારત સરકારના એ પ્રધાનનો અંગત મત ગણાવ્યો. હકીકતમાં સરકારમાં પ્રધાનને જાહેર બાબતોમાં અંગત મત હોતો નથી. એમણે વ્યક્ત કરેલો મત એ જે તે સરકારનો જ ગણાય છે. ભાજપની રાષ્ટ્રીય કારોબારી થોડાં વર્ષો પહેલાં વિશાખાપટ્ટમમાં મળી ત્યારે તેના ૧૦૮ જેટલા સભ્યોમાંથી ૯૮ જેટલા સભ્યોએ પોતે નોન-વેજનો વિકલ્પ પસંદ કર્યો હતો. પત્રકારશિરોમણિ મુઝફ્ફર હુસૈને કહેલી આ વાત વાજપેયી સહિતના માંસાહારી હોવાનું સ્પષ્ટ કરે છે.

પ્રાચીન હિંદુ પરંપરામાં ગોમાંસ ખાવાનો ભાગ્યે જ કોઈ છોછ હતો. ભગવાન બુદ્ધના પ્રભાવતળે હિંદુ યજ્ઞોમાં ગાયો-બળદ-વાછરડાંની આહુતિ આપવાની અને ગાયોની કતલની પરંપરા બંધ થયાનું વિદ્વાનો કહે છે. ધર્માનંદ કોસમ્બીલિખિત 'બુદ્ધચરિત્ર'માં (ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદનું પ્રકાશન) નોંધવામાં આવ્યું છેઃ ''ગોમાંસાહારનો રિવાજ બ્રાહ્મણોમાં પુષ્કળ કાળ સુધી હતો. પણ પછી ઘણા સમય બાદ ગોમાંસનો નિષેધ થયો હોવાનું ગૌતમ-ધર્મસૂત્ર ઉપરથી દેખાય છે.'' સ્વયં ગૌતમ બુદ્ધ માંસાહારી હતા. એમનું મૃત્યુ ડુક્કરનું માંસ ખાધા પછી થયું હતું. જો કે એ ક્ષત્રિય હતા, પણ એમના પ્રારંભિક શિષ્યો બાહ્મણમાંથી બૌદ્ધ થયા હતા. ગૂજરાત વિદ્યાપીઠ સાથે સંકળાયેલા ધર્માનંદ કોસમ્બી પણ મૂળ બ્રાહ્મણ હતા અને બૌદ્ધ ધર્મના ગહન અધ્યયન પછી એમણે પણ બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો હતો. ૨૫૦૦ વર્ષના બૌદ્ધ ધર્મના ભારતવટા પછી ડૉ.બાબાસાહેબ આંબેડકરે એને પુનઃ ભારતપ્રવેશ કરાવ્યો.

હમણાં વડોદરામાં પ્રખર ઈતિહાસવિદ અને સંઘ પરિવારની ઈતિહાસ પુનર્લેખન સમિતિની જવાબદારી સંભાળતા ડૉ.શરદ હેબાળકરને મળવાનું થયું ત્યારે એમણે કહેલા શબ્દોએ અમને ચોંકાવી દીધા હતાઃ ''પૂર્વાંચલનાં રાજ્યોમાં કોઈ સ્વયંસેવક (સંઘના કાર્યકર)ના ઘરે જમવા જાઓ અને એ તમને ભોજનમાં બીફ(ગોમાંસ) ઓફર કરે તો આશ્ચર્ય નહીં પામતા.'' પ્રત્યેક રાજ્યની પ્રજાની ભોજનની પરંપરા હોય છે. એને આપણે ધર્મ સાથે જોડી દઈએ એ યોગ્ય નથી. વસુધૈવ કુટુમ્બકમ્‌માં વિશ્વાસ ધરાવતો અને ચાર્વાકને પણ ઋષિ તરીકે સ્વીકારતો હિંદુ ધર્મ કેટકેટલું વૈવિધ્ય ધરાવે છે. એ સમજ્યા વિના ઘણા લોકો ધર્મને એક જ લાકડીએ હાંકવાની કોશિશ કરે છે. સ્વામી વિવેકાનંદે પણ સારા હિંદુ ગણાવા માટે ગોમાંસ(બીફ) આરોગવાની પરંપરાનો ઉલ્લેખ કર્યો હોય ત્યારે ઉશ્કેરાઈ જવાને બદલે ગંભીરપણે વિચાર કરીને શાકાહાર પ્રચાર અભિયાનને વધુ સક્રિય કરવાની જરૂર ખરી.

# આઝાદીના ૬૮મા વર્ષે પણ દેવગઢ કંપો પાકા રોડથી વંચિત !

**ચર્ચાસભા**

**-પ્રા. ડૉ. હસમુખ જી. દેસાઇ**

ગુજરાતના બૃહદ સાબરકાંઠા જિલ્લાના ઇડર તાલુકાના નેત્રામલી ગામની સોડમાં કિલ્લોલ કરતો દેવગઢ કંપો. કંપોનો એક અર્થ 'એક મોટું ફળિયું કે જેમાં સામ સામે ૨૫-૨૫ ઘરો સાદા પણ સુવિધાવાળાં જોવા મળે! સમગ્ર બૃહદ સાબરકાંઠા જિલ્લામાં ૩૦૦-૫૦૦ કંપાઓ આવેલા છે. નામના ઇતિહાસમાં પડીએ તો એમ કદી શકાય કે, આદિકાળથી આ ભૂમિ પર દેવોનો વાસ હશે; તેથી નામ દેવગઢ પડ્યું હશે! આજથી આશરે ૧૦૦ થી ૧૫૦ વર્ષો પહેલાં વડોદરા જિલ્લાના તથા કચ્છ જિલ્લાના પાટીદારો સાબરકાંઠાની સંતોની ભૂમિ પર ખેથી અર્થે આવેલા અને વણખેડાયેલી હજારો એકર જમીન પર ઘણા પુરુષાર્થથી ખેતી કરવાની શરુ કરી. કાળક્રમે આ પાટીદાર વર્ગ ભણવામાં અને સાહસ કરવામાં અંગ્રેજ પ્રજાની જેમ કુશળ અને ચતુર એટલે સાબરકાંઠામાં ઠેર ઠેર શિક્ષણ સંસ્થાઓ, પ્રાથમિક ખેતી સરકારી મંડળીઓ, સહકારી કપાસ મંડળીઓ, ધિરાણ મંડળીઓ વગેરે જેવી અનેક ગ્રામવિકાસને વેગ આપતી સંસ્થાઓની સ્થાપના કરી. વેગ આપતી સંસ્થાઓની સ્થાપના કરી. જેના મધુર ફળો જિલ્લાના તેમના સાનિધ્યમાં વસનારા ગ્રામજનોને મળ્યા છે. એમાં કોઇ અતિશયોક્તિ નથી. અરે! આ લખનારને પણ ખબર છે કે, જયારે અમારા ગામોમાં વીજળી કે વોટર વર્કસ જેવી પાયાની સુવિધાઓ નોહતી, ત્યારે પણ આ કંપાઓમાં ગોબરગેસથી ઝળહળતા દીવાઓ અને ઓઇલ એંજિન દ્વાર લીપ્ટ ઇરીગેશન પદ્ધતિથી ઘેર ઘેર પાણીના નળની વ્યવસ્થા હતી. વિશેષમાં આ બદાની સ્થાનિક (મૂળ) પ્રજા પર સામાજિક-સાંસ્કૃતિક-શૈક્ષણિક-આર્થિક વગેરે જેવી સાનુકૂળ અસરો થયેલી જોવા મળી રહી છે.

હરિયાણી ક્રાંતિના ફળો સૌ પ્રથમ આ કંપાવાળાઓનાં ખેતરોમાં જોવા મળે!' ખેતીમાં નિત નવી નવી ટેકનોલોજી અને જ્ઞાનના સુમેળ દ્વારા વધુ ઉત્પાદન આપતી જાતોનું વાવેતર કરવામાં અગ્રેસર રહેતી આ પ્રજા શંકર-૪ કપાસથી લઇને બટાટાની અદ્યતન વેરાયટી લોકર (જાત) સુધીના અખતરા કરેલા જોવા મળે છે. આ કૃષઇ કેળવણી પણ બીજા ખેડૂતોને વણમાગ્યું માર્ગદર્શન બની રહેતી અને રહે છે. આ પ્રજા જિલ્લાની પ્રજામાં દૂધમાં સાકર ભળે તેમ ભળી ગઇ છે, કયાંક ગાંગડા પણ જોવા મળે! વડોદરા પટ્ટાના પાટીદારો જમીન વેચીને પુનઃ પોતાની નગરી (વડોદરા)માં પરત ફર્યા છે.

વર્ષોથી આ પ્રજાએ જિલ્લાના રાજકારણમાં પણ પોતાનો પગ જમાવ્યો છે. આજે પણ ભાજપના જિલ્લા પ્રમુખ એક કંપાવાળા ભાઇ જ છે! જિલ્લાની પાંચ વિશિષ્ટ લાક્ષમિકતાઓ જોવા જઇએ તો એક આ સમગ્ર ભૂમિ સંતોની (પ.પૂ. જેસંગ બાવજી, નાથુ બાવજી અને રામા બાવજી) બીજી સાહિત્યકારોની ભૂમિ (પન્નાલાલ પટેલ અને ઉમાશંકર જોશી) ત્રીજી લાક્ષણિકતા અભિનય સમ્રાટોની બેલડી (અરવિંદ ત્રિવેદી(રાવણ) અને ઉપેન્દ્ર ત્રિવેદી) ચોથી સમગ્ર મૂળ પ્રજા ભોળી તેથી રાજકારણમાં પાછળ રહી અને જિલ્લા બહારનાં લોકો આવીને ચૂંટાઇ ગયા અને ચૂંટાઇ રહ્યાં છે. સરદાર સાહેબની દીકરી મણીબહેનથી લઇને પૂર્વ નાણામંત્રી એમ.એમ. પટેલ, પૂર્વ મુખ્ય પ્રધાન અમરસિંહ ચૌધરીથી લઇને શંકરસિંહ બાપુ અને તેમના દીકરા રાજેન્દ્રસિંહની પણ રાજકીય ભૂમિ આ જિલ્લો જ રહ્યો છે. આ ઉપરાંત ઘણાં નામો આ સાથે જોડાયેલાં છે. આ કંપાના માત્ર ૧.૫ કિ.મી. પાકા રસ્તાની વાત કરું છું તે ઇડર તાલુકાના ધારાસભ્ય પદે છેલ્લા પચ્ચીસ વર્ષથી ભાજપની ટીકીટ પર ચૂંટાતા અને નસીબજોગ કેબીનેટ મિનિસ્ટર તરીકે બિરાજમાન રમણલાલ વોરા મૂળે મહેસાણા જિલ્લાના છે. પાંચમી ખાસિયત એ કે સમગ્ર રાજયમાં ભ્રષ્ટાચારની ગંગોત્રી પણ અહિંથી જ વહે! ખરે! આટલી પૂર્વ ભૂમિકા બાંધવી આ નિમિત્તે યોગ્ય લાગી છે. હવે પાછા મૂળ પેલા પાકા રસ્તાની વારતા જોઇ લઇએ.

દેવગઢ કંપો એટલે તેવીસ ઘરોનું જીવતું જાગતું ફળિયું; શરુઆતમાં વીર નર્મદેશ્વરનું મંદિર, નેત્રામલી ગામની પાંચ હજારની વસતીવાળા ગામથી ૧.૫ કિ.મી. દૂર આવેલું એક પેટા પરું જ કહો ને! આ લખનારે તાજેતરમાં જ કંપાની મુલાકાત લીધી અને ખેતી તથા રસ્તા જોયા. નેત્રામલી ગામથી કંપા સુધીનો જૂનો સી.સી. (C.C) રોડ ખરો પણ બે મુશ્કેલીઓ જોવા મળી. એક સમગ્ર રસ્તાની બંને બાજુ અઢળક દબાણોનો રાફડો ફાટેલો જોવા મળે છે; અને બીજી મુશ્કેલી વચ્ચેએક વાંધું આવે છે. ચોમાસાની ઋતુમાં મુશળધાર વરસાદ પડે ત્યારે રસ્તો બંધ! આવા સમયે કોઇ વ્યક્તિ હાર્ટ એટેકમાં સપડાય અથવા કોઇ સ્ત્રીની પ્રસૂતિની વેદના શરુ થાય ત્યારે કઠિન મુશ્કેલીએ ઊભી થાય છે; લોકોની મુખ્ય બે માંગણીઓ જોવા મળી છે; એક ગામથી કંપા સુધીના સી.સી. રોડની બંને બાજુના દબાણો યુદ્ધના ધોરણે હટાવો અથવા/ અને કંપાની સીધો ઇડર-હિંમતનગર સ્ટેટ હાઇવેને જોડતો (૧.૫ કિ.મી) ગાડા ચીલો છે; તેને પાકો ડામરવાળો બનાવી આપો, તો ઘણું બધું સરળ બની શકે. આજના ૨૧મી સદીના વિકાસશીલ અને ધબકતા ગુજરાતમાં માત્ર રસ્તાના અભાવે કોઇનું દિલ બંધ પડે કે કોઇ બહેનની વેદનાની ચીસો કાયમ માટે હવામાં ઓગળી જાય એ કેટલું ગેરવ્યાજબી ઘટના કહી શકાશે!

વાત આજના નેતાઓ અને અધિકારીઓ જાણશે એવી અપેક્ષા અસ્થાને નહીં ગણાય!

આઝાદીનાં ૬૮ વર્ષે દેવગઢની ડીમાન્ટ (માંગ) માત્ર ૧.૫ કિ.મી.ના પાકા રસ્તાની છે! પણ કોઇ સાંભળે તો ને! રાજયના મુખ્યમંત્રી જયારે એક બહેન છે; ત્યારે આ લખનારને પૂરો વિશ્વાસ છે કે, જરુર બહેનોની વેદનાના ભણકારા આ શબ્દો રુપે તેમના કાન અને હૃદય સુધી પહોંચશે જ! તો જ સાચા અર્થમાં સ્ત્રી સશક્તિકરણ પર્વની ઉજવણી સાર્થક લાગશે.

# ગૂગળ વાયુના રોગોમાં ઉપયોગી છે. તેમજ વજન ઉતારવા માટે પણ ઉપયોગી છે

**ગૂગળ નિરામય**

**- ડો. કેદાર ઉપાધ્યાય**

આજનો સમય ગૂગલનો છે, આ ગૂગલ વડે લોકો દુનિયાભરની જાણકારી મેળવે છે. એવું જ બીજું ઉપયોગી પદાર્થ એટલે ગૂગળ. ગુજરાતમાં મોટાભાગના ઘર-પરિવારોએ કયારેક તો ગૂગળનો વપરશ કર્યો જ હશે. દવામાં નહિંતર ધૂપમાં... આ ગૂગળ પણ ગૂગલ જેટલો જ ઉપયોગી છે. એક શ્રેષ્ઠ ઔષધ છે. સંસ્કૃતમાં ગૂગળને 'ગુગ્ગુલુ' કહે છે. ગૂગળ એ વૃક્ષમાંથી ઝરતો રસ છે. ગૂગળના ઝાડમાંથી જે રસ ઝરીને જામે છે તે ગૂગળ તરીકે વપરશમાં લેવાય છે.

ગૂગળની અવેલેબેલિટી વિશે જોઇએ તો સિંધ, અફઘાનિસ્તાન, પાકિસ્તાનમાં ગૂગળ ઘણો થાય છે. આપણે ત્યાં મારવાડ અને બરડા ડુંગરના પ્રદેશોમાં પણ જોવા મળે. આયુર્વેદ મુજબ ગૂગળના પાંચ પ્રકારો છે, આ પાંચ પ્રકારો મહિષાક્ષ, મહાનિલ, કુમુદ, પદ્મ અને હિરણ્ય છે. આમાના મહિષાક્ષ અને મહાનીલ હાથીને ઉપયોગી છે. કુમુદ અને પદ્મ ઘોડાને ઉપયોગી છે તથા હિરણ્ય ગૂગળ માણસને ઉપયોગી છે.

આમ તો ગૂગળ ત્રિદોષશામક છે પરંતુ તે મુખ્યત્વે વાયુના રોગોને દૂર કરે છે. વા, સાંધા પકડાઇ જવા, શરીર સાંધાનો દુખાવો, આમવાત, સંધિવા, પક્ષાઘાત, લકવો, કંપવા વગેરે જેવા રોગોમાં ગૂગળ ફાયદાકારક છે. ગૂગળ વજન ઉતારવા માટે પણ ફાયદાકારક છે.

ગૂગળને વૃક્ષ પરથી લીધા બાદ તેના શુદ્ધિકારણની પ્રક્રિયા હાથ ધરાય છે. આ શુદ્ધ થયેલ ગૂગળ દવાઓમાં વપરાય છે. અશુદ્ધ ગૂગળ ફાયદા કરતા નુકસાન વધુ કરે છે. શુદ્ધ ગૂગળમાંથી બનાવવામાં આવે છે. જેમ કે ત્રિફળા ગૂગળ, યોગરાજ ગૂગળ, સિંહનાદ ગૂગળ, રાસ્તાદિ ગૂગળ આદિ.

પારદ અને ગંધકની જેમ ગૂગળ પણ યોગવાહી ગુણ ધરાવે છે. યોગવાહી એટલે જે તે રોગના ઔષધોમાં ગૂગળ ભળી જઇને તે ઔષધોની રોગ દૂર કરવાની પ્રક્રિયામાં મદદ કરે છે. અલગ-અલગ પ્રકારના ગૂગળના યોગો અલગ-અલગ રોગો પર આપવામાં આવે છે.

આપણે અગાઉ જોયું કે ગૂગળ વાયુના રોગોમાં ઉપયોગી છે. તેમજ વજન ઉતારવા માટે પણ ઉપયોગી છે. (વજન ઉતારવા માટે મેટોહર ગૂગળ ખૂબ જાણીતો યોગ છે) આ ઉપરાંત શરીરના સ્નાયુ સાંધાના દુખાવા દુર કરવા 'પેઇનકિલર' તરીકે પણ ગૂગળ ઉપયોગી છે. ગૂગળના સેવન બાદ તે ચામડીમાંથી પ્રસ્વેદ સ્વરુપે ઉત્સર્ગ પામે છે. આથી ચામડીના રોગોમાં પણ ગૂગળનો ઉપયોગ કરી શકાય. કફના રોગોમાં પણ ગૂગળ ઉપયોગી છે.

ગૂગળ ઘણોખરે અંશે પિત્તનો પ્રકોપ કરે છે. આથી પિત્તપ્રકૃતિના લોકો માટે સાવચેતીપૂર્વકનો ઉપોયગી હિતાવહ છે.

# મેગીની ઈર્ષ્યા ઘણી 'ગૃહલક્ષ્મી'ને સતાવતી હતી! તેમને થતું હતું, આ મેગી મારૂં સ્થાન કયાંક પતિના દિલમાં લઈ લેશે તો? કારણ કે મેગીને તૈયાર થતાં ફક્ત ૨ મિનિટ જ લાગે છે જયારે મને તૈયાર થતાં ૨ કલાક થાય છે!

**મેગીનો 'X-Ray' રીપોર્ટ હળવાશની ક્ષણોમાં !**

**- ચિત્રસેન શાહ**

મેગીનો 'x-ray' રીપોર્ટ જોઇને ડોક્ટરે (એટલે કે સેમ્પલ એનાલીસ્ટ!) હાથ ધોઇ નાખ્યા! ડોક્ટરે કહ્યું, મેગીના આંતરડા 'લેડ' અને GSM ની વધારે પડતી માત્રાને કારણે એ પેસન્ટ હવે નહીં બચે! અને ખરેખર એમ જ બન્યું! બીજે દિવસે તો 'નેસ્લે' કંપનીએ 'સ્વ.મેગી'ની પ્રાર્થનાસભાની જાહેરાત પણ આપી દીધી! એ રીપોર્ટ જાહેર થયો તેની ૨ મિનિટ પહેલાં તો આખા દેશમાં લોકો 'મેગી' હોંશે હોંશે આરોગી રહ્યાં હતા!

બાળકો તો મેગીનું પેકેટ હાથમાં આવે એટલે બાલસુલભ લાલચભરી નજરે તેને જોઇ રહેતા હતા!

મેગીએ તો ઘરઘરમાં રસોડે રસોડે 'રાણી' તરીકેનું સ્થાન લઇ લીધું હતું! કેટલાક રસોડામાં તો અનાજ ભરવાનાં 'પીપ'માં પણ અનાજની જગ્યા આ 'મેગીએ લઇ લીધાના દાખલા પણ ઇતિહાસમાં નોંધાયેલા છે! (હવે તો આમ જ લખવું પડે ને! કારણ કે મેગી હવે ઇતિહાસ બની ગઇ છે!) એક જગ્યાએ એક ગૃહિણી બીજીને પુછતી તી - 'તમે સિઝનની મેગી ભરી લીધી?!'

આવી મેગીની ઇર્ષા ઘણી 'ગૃહલક્ષ્મી'ને સતાવતી હતી! તેમને થતું હતું, 'આ મેગી મારું સ્થાન કયાંક પતિના દિલમાં લઇ લેશે તો?! કારણ કે મેગીને તૈયાર થતાં ફક્ત ૨ મિનિટ જ લાગે છે જયારે મને તૈયાર થતાં ૨ કલાક થાય છે! અને પતિ તો કોઇ ફંકશનમાં જવા કયારના ઉતાવળા થતા હોય!'

જોકે કેટલીક ગૃહિણીઓ તેનો પોઝીટીવ અર્થ લે છે! કારણ કે કયારેક રસોઇ કરવામાં મોડું થયું હોય અને ઘરમાં પતિ સહિત બધા 'આકરા પાણીએ' હોય (આ 'આકરા પાણી' શબ્દ સુપ્રસિદ્ધ હાસ્ય લેખક-કલાકાર શહાબુદ્દીન રાઠોડના મોઢે સાંભળવાની મજા આવે!) ત્યારે તેમને શાંત પાડવા ઇન્સ્ટંટ ઇન્ટરીમ રીલીફ તરીકે આ '૨ મિનિટ નુડલ્સ!' એ હાથવગું હથિયાર બની રહેતું! 'મેગી' એટલે ગુજરાતના વિદ્યુત પ્રવાહની માફક જ - (૨૪ X ૭)

રાત્રે બે વાગ્યે પણ ખૂભ લાગે તો ૨ ને ૨ મિનિટે તો મેગી તૈયાર!

(આ તો '2 MINUTE NUDDLES' કહેવાય બાકી તો પાણી ઉકળતાં જ પાંચ મિનિટ થાય! - એ તો 'નેસ્લે'ના ચેરમેનને પણ ખબર હોય!)

મેગી છાપે ચડી તેના બીજે દિવસે તો લોકોના ગુસ્સાનો પાર નો'તો! લોકો આક્રોશમાં હાથમાં ગન લઇને મેગીને શોધી રહ્યાં હતા! 'બતાવો કયાં છે મેગી?! શૂટ કરી દઇએં!'

ચૌરે ને ચૌટે અને 'ચોગઠા'માં મેગીની હોળી થઇ રહી હતી! ગઇકાલ સુધી જે લોકો તેના ગીત ગાતા હતા તે આજે મરસિયા ગાઇ રહ્યાં હતા!

આવા વાતાવરણમાં કેટલીક મેગી નામની યુવતીઓએ તો પોતાના નામ પણ બદલી નાંખ્યા! કેટલીકે મેગીમાંથી 'મૈત્રી' કરી નાખ્યું તો કેટલીકે મંદિરા કરી નાંખ્યું! કારણ કે કેટલીકવાર ફોન પર - 'હું મેગી બોલું છું' એમ કહેવા માગતી યુવતીનો ફોન હજુ તો 'મેગી' શબ્દ બોલે તેટલીવારમાં તો સામે છેડેની કપાઇ જતો હતો!

હવે તો કેટલાક લોકો મેગીને હાથ અડતાં પણ ગભરાય છે! GSM નો ચેપ કયાંક લાગી જશે તો?! બાળકોને પણ હવે GSM મોઢે થઇ ગયું છે! વળી લોકોનું તો એવું છે ને કે નેતાને નાયકમાંથી ખલનાયક બનાવી દેતાં વાર નથી લાગતી! આ રીતે એક બાજું 'મેગી'ની પીટાઇ થઇ રહી હતી તો બીજી બાજું શેરબજારમાં 'નેસ્લે' કંપનીના શેરની પીટાઇ થઇ રહી હતી! ૨ મિનિટમાં તો શેર જમીન પર આવી ગયા હતા! જાણે તારે ઝમીં પર !

આને કહેવાય - '2 MINUTES -ધબડકો!'

મેગીને કારણે 'નેસ્લે'ને 'બૂરે દીન' જોવાનો વારો આવ્યો! કેમ જાણે અચ્છે દિન ગયે!

મેગીની આ હોળીમાં બોલીવુડનાં કેટલાક સિતારાઓના હાથ પણ દાઝી ગયા છે! હોળીની ઝાળમાં અમિતાભ બચ્ચન, માધુરી દિક્ષીત અને પ્રીતિ ઝીન્ટા સુધીએ તો બાર વર્ષ પહેલાં તેની એડવર્ટાઇઝમાં કામ કર્યું હતું! ત્યારે તેને કલ્પના પણ નહીં હોય કે - બાર વર્ષે બાવો બોલશે! તે તો એમ પણ કહી શકે કે 'બાર વર્ષ પહેલાનું સેલમ્પ લાવો!'

આ તો મેગી ઝાપટે ચડી ગઇ! બાકી તો માર્કેટમાં મળતાં અન્ય તૈયાર ફૂડ પેકેટ્સ, પાણીનાં પાઉચ કે તૈયાર મળતાં કેરીના રસ વિગેરે એમ દરેક આઇટેમ્સમાં લગભગ આવી જ પરિસ્થિતિ હશે!

અમને તો લાગે છે કે લાઇફ ઇન્સ્યોરન્સ કંપનીઓ કે મેડીકલેમસ માટેની જનરલ પોલિસી માટેના એમ્પીકેશન ફોર્મમાં એક નવી કોલમ ઉમેરશે કે - 'તમે મેગી કે તેના જેવી ફાસ્ટફુડની આઇટેમ્સ ખાઓ છો? જો હા તો કેટલા પ્રમાણમાં અને કેટલા વર્ષથી?' કંપની આ જવાબ પરથી પોલિસીનું પ્રીમિયમ નક્કી કરશે!

આ પ્રમાણે અત્ર-તત્ર-સર્વત્ર 'મેગી મેગી' થઇ રહ્યું છે. ત્યારે એક શહેરમાં 'મેગી' નામના સૂર-સંગીતના કલાકારોના એક ગ્રુપને વિચાર આવ્યો કે 'જો અત્યારે આપણા ગ્રુપનો એક શો ગોઠવી દઇએ તો 'મેગી'ની નેગેટીવ પબ્લિસીટીને આપણા ગ્રુપના શો માટેની પોઝીટીવ પબ્લીસીટીમાં ફેરવી દઇ શકાય! કોઇની આફતને આપણા અવસરમાં ફેરવી દઇ શકાય! આને કહેવાય (નરેન્દ્રભાઇ મોદી ફેઇમ! આફતને અવસરમાં પલટવાની ચાણક્ય બુદ્ધિ!) આ રીતે પબ્લિસીટીનો બધો ખર્ચ બચી જાય! લોકો ભલેને '૨ મિનિટ્સ નુડલ્સ વાળી મેગીને યાદ કરી દાંત કચકચાવતા આવે!' પરંતુ આપણા શોને તો વન્સમોરથી વધાવી ને જ ઘરે જશે! આવી છે સૂર-સંગીતની તાકાત!'

અને તે ગ્રુપ દ્વારા ન્યૂઝપેપરમાં જાહેરાત અપાઇ ગઇ - 'તારીખ ૨૧મી જૂન - વિશ્વ યોગ દિવસે મેગીનો મેગા શો'

આ રીતે 'મેગી' કલાકાર ગ્રુપે 'યોગ દિવસ'ની પબ્લીસીટીનો ફાયદો પણ ઉઠાવ્યો.